## સેવાકાર્યના સિદ્ધાંતો

૧. આ સેવામાં દાન એકત્રિત કરવામાં આવતું નથી.

૨. સિયોન પ્રેયર ફેલોશીપ સંસ્થા કે મંડળી નથી, માત્ર પ્રાર્થનાની ચળવળ છે.

૩. આ પ્રાર્થના સંગતની સેવા તમામ મંડળી સાથેની નિઃસ્વાર્થ સેવાઓ છે.

૪. પ્રાર્થના સંગતમાં ભાગ લેનાર માટે મંડળીનો બાધ નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણે સહુ એક જ કુટુંબના સભ્યો છીએ તેવી ભાવના તથા સમજણ સાથે સેવાકાર્ય કરવામાં આવે છે.

## આપ મદદ કરી શકો છો !

**૧. માંદી વ્યક્તિઓ માટે દરરોજ ૧૦ મિનિટ પ્રાર્થના કરીને.**

**૨. આપના વિસ્તાર / સોસાયટીમાં બે કે ત્રણ કુટુંબો મળી અઠવાડિયામાં એક વખત પ્રાર્થના કરીને.**

**૩. આપ આપના વિસ્તારમાં પ્રાર્થના ગ્રુપ શરૂ કરવા માંગો છો તો સંપર્ક કરો.**

**૪. આપની (ગંભીર) અસાધ્ય માંદગી માટે પ્રાર્થના વિનંતી નીચેના સરનામે મોકલવા વિનંતી.**


*શ્રી જોસેફ સી. મિત્રા*
૧૦૨, શીતલછાયા એપાર્ટમેન્ટ,
જુની ક્રિશ્ચિયન સોસાયટી પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.
મો. ૯૭૧૨૭૪૮૫૧૦
E-mail : joseph.mitra@ymail.com

*શ્રી નિમ્રોદ એચ. તિશ્બી*
૧૪, સફલકુંજ સોસાયટી,
પવનચક્કી રોડ,
નડિયાદ - ૩૮૭ ૦૦૨
મો. ૮૭૫૮૨૨૯૨૬૫
E-mail : NTishbi@gmail.com

*શ્રી અનિલ ઓ. પરમાર*
જૈતૂનવિલા, આકાશ ટાઉન,
તુલસી ગરનાળા પાસે, આણંદ-૩૮૮ ૦૦૧.
મો. ૯૯૦૯૧૪૮૧૬૬

*શ્રી ઓગસ્ટીન આઈ. ક્રિશ્ચિયન*
વોટસન બંગલા પાસે,
આઈ. પી. મિશન કંપાઉન્ડ, બોરસદ,
જિ. આણંદ - ૩૮૮ ૫૪૦.
ફોન નં. (૦૨૬૯૬) ૨૨૨૨૩૭
મો. ૯૮૨૫૮૧૫૨૩૭
E-mail : christianaugastin@yahoo.com

*શ્રી ફ્રેડીક સી. કારપેન્ટર*
બી/૫, સુશીલગંગા એપાર્ટમેન્ટ,
કોશા સોસાયટી પાસે, સિયોનનગર,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન નં. (૦૭૯) ૨૨૭૨૦૪૦૨
મો. ૭૪૦૫૨૦૧૮૧૩
E-mail : fredrickcarpenter@ymail.com


**Website : www.sionprayerfellowship.org**


સ્થા. ૨૩-૦૨-૨૦૦૧ **For Private Circulation Only**


# સિયોન પ્રેયર ફેલોશીપ

### પ્રાર્થના - સંગત - સેવા


અંક - ૧ વર્ષ - ૮ **પ્રાર્થના - પત્ર** માહે જાન્યુઆરી-૨૦૧૨





## દર્શન

માનવીના જીવનમાં દરેક સમય સરખા હોતા નથી. સુખ-દુઃખ, ચડતી-પડતી મનુષ્યના જીવન સાથે વણાયેલા છે. બીમારી, ચિંતાઓ, અશાંતિ, અસલામતી વગેરે સમસ્યાઓથી વ્યક્તિઓ / કુટુંબો પીડાઈ રહ્યા છે. આવી વ્યક્તિઓ-કુટુંબોની મુલાકાત લઈ અને તેમની સમસ્યાઓ તથા ચિંતાઓમાં સહભાગી બની પ્રાર્થના તથા ઈશ્વરના જીવંત વચનો દ્વારા પ્રભુ ઈસુનો અનંત પ્રેમ અને મહાન આશાની ઓળખ આપવામાં આવે છે.

## આધારવચન

''......વિનંતી પ્રાર્થના, આજીજી તથા આભારસ્તુતિ સઘળાં માણસોને માટે કરવામાં આવે.''

૧ તિમોથી ૨ : ૧.

''વિધવાઓની અને અનાથોની તેઓના દુઃખની વખતે મુલાકાત લેવી......''

યાકુબનો પત્ર ૧ : ૨૭

## સેવાકાર્ય

**પ્રાર્થના દ્વારા શુભસંદેશ પ્રસાર, ખ્રિસ્તી સંગત દ્વારા ઉત્તેજન**

*Wish You A Happy New Year*

**નીચે જણાવેલ વહાલાંઓને સાજાપણું મળે તથા ઈસુની ઓળખ પ્રાપ્ત કરે માટે પ્રાર્થના કરવા વિનંતી.**

૧. શ્રી ઓરલીનભાઈ વિલ્સનભાઈ, ઉં. ૧૧ વર્ષ, અમદાવાદ, લોહી બનતું નથી. દર મહીને લોહી આપવું પડે છે. સાજાપણા માટે.

૨. શ્રી માર્શીલ જોસ્લીનભાઈ ક્રિશ્ચિયન, ઉં. ૯ વર્ષ, અમદાવાદ, થેલેસીમીયા, દર મહીને લોહી આપવું પડે છે. સાજાપણા માટે.

૩. શ્રીમતી વિદ્યાગૌરી એન. ક્રિશ્ચિયન, ઉં. ૫૯ વર્ષ, અમદાવાદ, કેન્સર છે. સાજાપણા માટે.

૪. શ્રી જોએલ સતીષભાઈ પરમાર, ઉં. ૨૨ વર્ષ, અમદાવાદ, બોલતો નથી. લાળ પડે છે. મેન્ટલી રીટાયર્ડેડ છે. ખાસ સાજાપણા માટે.

૫. શ્રી જ્યોલિફભાઈ જ્યોર્જભાઈ ક્રિશ્ચિયન, ઉં. ૪૯ વર્ષ, અમદાવાદ, મેનેન્જાઈટીસની અસર તથા નાના મગજના સેલ નબળા પડેલ છે. સાજાપણા માટે.

---

૬. શ્રીમતી પ્રફુલબાળા આર. ટેકરીવાલા, ઉં. ૬૪ વર્ષ, અમદાવાદ, બ્રેસ્ટ કેન્સર. ઑપરેશન કરાવેલ છે. કિમો સારવાર ચાલુ છે. આડઅસર ન થાય તથા સાજાપણા માટે.

૭. કુ. શિફોહ આર્નોન પેલમોર, ઉં. ૧૩ વર્ષ, અમદાવાદ, મંદ બુદ્ધિ છે. ખાસ પ્રાર્થના કરશો.

૮. શ્રીમતી ઈન્દુબેન આર. ક્રિશ્ચિયન, ઉં. ૫૫ વર્ષ, અમદાવાદ, પથારીવશ છે. ઊભા થવાતું નથી. સાજાપણા માટે.

૯. શ્રી પેટ્રીક દિનેશભાઈ, ઉં. ૨૭ વર્ષ, અમદાવાદ, ત્રણ વર્ષ પહેલા અકસ્માત થયેલ છે. આઠ માસ કોમામાં રહ્યા બાદ ભાનમાં આવેલ છે. ઘણું સારું છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

૧૦. શ્રી સોબર્સભાઈ એચ. ક્રિશ્ચિયન, ઉં. ૪૪ વર્ષ, અમદાવાદ, બન્ને ફેફસાં ખરાબ થયેલ છે. ટી.બી.ની અસર છે. સાજાપણા માટે.

---

૧૧. શ્રી નિતીનભાઈ વી. ક્રિશ્ચિયન, ઉં. ૩૧ વર્ષ, અમદાવાદ, બન્ને કિડની ખરાબ થયેલ છે. અઠવાડિયામાં બે વખત ડાયાલિસીસ કરવામાં આવે છે. સાજાપણા માટે.

૧૨. શ્રીમતિ જ્યોતીબેન એસ. રાણા, ઉં. ૩૨ વર્ષ, અમદાવાદ, કિડનીમાં ખરાબી છે. પેટ પર સોજા છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

૧૩. કુ. ક્રેશક્રિનાબેન આઈ. ક્રિશ્ચિયન, ઉં. ૧૫ વર્ષ, અમદાવાદ, મંદ બુદ્ધિ, ખેંચ આવે છે. સાજાપણા માટે ખાસ પ્રાર્થના કરશો.

૧૪. શ્રી અમિત દિનેશભાઈ ખાનકર, ઉં. ૨૦ વર્ષ, નડિયાદ, મંદબુદ્ધિનો છે, ખાસ પ્રાર્થના કરશો.

૧૫. કુ. જીનીઅસ સેસીલભાઈ, ઉં. ૨ વર્ષ, આણંદ, જન્મ પછી ત્રીજા માસથી ચામડીનું દર્દ છે. ડૉક્ટર પણ સમજી શકતા નથી તથા તેના નાના ભાઈ માર્ક, ઉં. ૧ વર્ષ, તેને પણ ચામડીનું દર્દ છે. બન્ને માટે ખાસ સાજાપણાની પ્રાર્થના કરશો.

---

૧૬. શ્રીમતી સ્મિતાબેન કે. ક્રિશ્ચિયન, ઉં. ૫૨ વર્ષ, અમદાવાદ, ગર્ભાશયનું કેન્સર છે. ઑપરેશન કરવામાં આવેલ છે. કિમો સારવાર ચાલુ છે. આડઅસર ન થાય તથા સાજાપણા માટે.

૧૭. શ્રી જેમ્સભાઈ રેનીસન ક્રિશ્ચિયન, ઉં. ૧૦ વર્ષ, અમદાવાદ, ઓટીઝમ (મંદ બુદ્ધિ) મેન્ટલી રીટાયર્ડેડ. સાજાપણા માટે.

૧૮. શ્રી સમીરકુમાર એ. મેકવાન, ઉં. ૪૨ વર્ષ, વડોદરા, અકસ્માત થયેલ છે. સારું છે. શારીરિક નબળાઈ છે. શક્તિ માટે તથા વધુ સાજાપણા માટે પ્રાર્થના કરશો (આભાર માનશો.)

૧૯. શ્રી સુરેશભાઈ મેકવાન, ઉં. ૭૧ વર્ષ, અમદાવાદ, શ્વાસની તકલીફ (અસ્થમા) છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

૨૦. કુ. ફ્લોરેન્સબેન સાગરભાઈ, ઉં. ૧૫ વર્ષ, નડિયાદ, હૃદયના વાલ્વ સાંકડા છે. અભ્યાસ કરે છે. ખાસ પ્રાર્થના કરશો.



૨૧. શ્રી ઈમાનુએલભાઈ એલ. પટેલ, ઉં. ૬૬ વર્ષ, નડિયાદ, અતિશય ઊંચું બી.પી. રહે છે. બન્ને પગમાં દુઃખાવો થાય છે. નિરાશ થયેલ હોઈ ખાસ પ્રાર્થના કરશો.

૨૨. શ્રી ચિરાગભાઈ આર. પંડ્યા, ઉં. ૩૨ વર્ષ, નડિયાદ, મગજમાંથી ગાંઠનું ઑપરેશન કરેલ છે. રિપોર્ટ નૉર્મલ આવ્યો છે. સાજાપણા માટે.

૨૩. શ્રીમતી નિરંજનાબેન અનિલભાઈ પરમાર, ઉં. ૫૮ વર્ષ, આણંદ, બંને કિડની કાર્ય કરતી નથી. ડાયાલિસીસ પર છે. કિડની ડોનર મળે તથા સાજાપણા માટે.

૨૪. શ્રી કમલેશભાઈ ડી. મેકવાન, ઉં. ૩૫ વર્ષ, આણંદ, ડાબા પગનો બૉલ બદલવાનો છે. ઑપરેશન કરવાનું છે. ઑપરેશન ન કરવું પડે માટે ખાસ પ્રાર્થના કરશો.

૨૫. નીશી હેમાંગ બક્ષી, ઉં. ૧૫ વર્ષ, અમદાવાદ, મંદ બુદ્ધિની છે તેથી તાણ આવે છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

---

૨૬. શ્રીમતી નીરૂબેન કે. મેકવાન, ઉં. ૫૨ વર્ષ, આણંદ, મગજમાં લોહી પહોંચતું નથી. ડાબા અંગમાં લકવાની અસર છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

૨૭. શ્રીમતી એલીઝાબેથબેન એસ. રાઠોડ, ઉં. ૫૪ વર્ષ, વડોદરા, બન્ને પગના ઢીંચણમાં દુઃખાવો, વા છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

૨૮. શ્રી ઉમેદભાઈ એમ. પરમાર, ઉં. ૬૯ વર્ષ, પડી જવાથી જમણા પગના બૉલમાં ફ્રેક્ચર છે. ડાબા પગના બૉલમાં ઈન્ફેક્શન થવાથી ઑપરેશન કરેલ છે. સાજાપણા માટે.

૨૯. કુ. લાયેરા ફર્નાન્ડીઝ, ઉં. ૪૩ વર્ષ, અમદાવાદ, મલ્ટીપલ સ્ક્લીરોસીસ (મુખ્ય ચેતાતંત્રમાં નુકસાન થયેલું છે) નામની બીમારી છે. જમણા પગનું હલન-ચલન થતું નથી. સાજાપણા માટે.

૩૦. કુ.રોઝલીનબેન જે. ક્રિશ્ચિયન, ઉં. ૨૦ વર્ષ, બોરસદ, મેનેન્જાયટીસ, નાના મગજનો સોજો, મોટા મગજમાં પોલાણ થયેલ છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

---

૩૧. શ્રી સ્ટેન્લીભાઈ જે. સોલંકી, ઉં. ૪૧ વર્ષ, વડોદરા, ફેફસામાં પાણી ભરાય છે. હૃદયની તકલીફ છે. સાજાપણા માટે ખાસ પ્રાર્થના કરશો.

૩૨. શ્રી કમલેશ આર. પરમાર, ઉં. ૨૫ વર્ષ, ગામડી (આણંદ), બન્ને કિડની ખરાબ થઈ ગયેલ છે. ડાયાલિસીસ કરવામાં આવે છે. સાજાપણા માટે.

૩૩. શ્રી અરૂણભાઈ એ. હેરી, ઉં. ૬૫ વર્ષ, ગાંધીનગર, કમરનો દુઃખાવો, હાડકામાં કેન્સર ઈન્ફેક્શન, એચ.બી. ઓછું છે. સાજાપણા માટે.

૩૪. શ્રીમતી સ્વાતિબેન વૉલ્ટરભાઈ રાણા, ઉં. ૪૬ વર્ષ, અમદાવાદ, આંખના પડદાની તકલીફ છે. ડાયાબિટીસ કંટ્રોલમાં રહે તે માટે પ્રાર્થના કરશો.

૩૫. શ્રીમતી રાની શામરાજ, ઉં. ૬૭ વર્ષ, ચેન્નઈ, છેલ્લા ત્રણ મણકાનો ટી.બી. છે. પથારીવશ છે. સાજાપણા માટે પ્રાર્થના કરશો.

---

૩૬. શ્રીમતી સુકીર્તિબેન વાય. પરમાર, ઉં. ૪૭ વર્ષ, નડિયાદ, બ્રેસ્ટ કેન્સર છે. રેડીએશન આપવામાં આવે છે. આડઅસર ન થાય, સાજાપણા માટે.

૩૭. શ્રીમતી શીરીનાબેન આઈ. ક્રિશ્ચિયન, ઉં. ૬૨ વર્ષ, નડિયાદ, પગમાં દુઃખાવો છે. ડાયાબિટીસ કંટ્રોલમાં રહે, સાજાપણા માટે.

૩૮. શ્રી શોબી અબિશાય, ઉં. ૨૧ વર્ષ, યુ.એસ.એ., અભ્યાસમાં તથા ઈશ્વરની આધિનતામાં વૃદ્ધિ પામે માટે ખાસ પ્રાર્થના કરશો.

૩૯. શ્રી ગાયસભાઈ જી. મેકવાન, ઉં. ૫૧ વર્ષ, નડિયાદ, અકસ્માત થતા ડાબા પગે થાપામાં ફ્રેક્ચર થયેલ છે. ઑપરેશન કરી સળીયા મૂકવામાં આવેલ છે. સાજાપણા માટે.

૪૦. શ્રી ફ્રેડ્રીકભાઈ કારપેન્ટર, ઉં. ૬૨ વર્ષ, અમદાવાદ, ૧૫ હેવી રેડીએશન આપેલ છે. અશક્તિ વધુ આવેલ છે. સાજાપણા માટે.

## બાળક પ્રાપ્તિના આશીર્વાદ માટે પ્રાર્થના વિનંતી

૧. શ્રીમતી બીએટ્રીએસ હેરોલ્ડભાઈ ડેવિડસન (વડોદરા)
૨. શ્રીમતી ડાયનાબેન જીતેન્દ્રકુમાર (અમદાવાદ)
૩. શ્રીમતી સ્મિતાબેન રાજેશભાઈ (અમદાવાદ)
૪. શ્રીમતી સોનલબેન સુદિપભાઈ વ્યાસ (અમદાવાદ)
૫. શ્રીમતી મનીષાબેન દિનેશભાઈ ખ્રિસ્તી (અમદાવાદ)
૬. શ્રીમતી રીંકુબેન રોબિનભાઈ મિત્રા (અમદાવાદ)
૭. શ્રીમતી શીતલબેન કેનાનભાઈ ક્રિશ્ચિયન (અમદાવાદ)
૮. શ્રીમતી સુસાનબેન સ્ટેન્લીભાઈ ક્રિશ્ચિયન (પેટલાદ)
૯. શ્રીમતી અરૂણાબેન કેશવલાલ ખ્રિસ્તી (નડિયાદ)
૧૦. શ્રીમતી મધુબેન રાજેશભાઈ પરમાર (નડિયાદ)
૧૧. શ્રીમતી સરોજબેન વિજયભાઈ તમાસી (બોરસદ)
૧૨. શ્રીમતી સુલોચનાબેન રાજેશભાઈ મેકવાન (બોરસદ)
૧૩. શ્રીમતી ઈલાબેન જસ્ટીનભાઈ ક્રિસ્ટી (સામરખા)
૧૪. શ્રીમતી મીતાબેન રોબર્ટભાઈ પરમાર, પાધરીયા (આણંદ)
૧૫. શ્રીમતી સંગીતાબેન નિલેશભાઈ (આણંદ)
૧૬. શ્રીમતી જાગૃતિબેન પ્રવીણભાઈ પૉલ (ભરૂચ)
૧૭. શ્રીમતી ઈલાક્ષીબેન સંજયભાઈ (ખેરગામ)
૧૮. શ્રીમતી મીનુબેન સેશીલભાઈ ક્રિશ્ચિયન (યુ.એસ.એ.)

### દુઃખીત કુટુંબ માટે પ્રાર્થના કરશો

૧. કુ. એલ્વીનાબેન કે. ક્રિશ્ચિયન, ઉં. ૨૦ વર્ષ, અમદાવાદ, મૃત્યુ થયેલ છે. કુટુંબને દિલાસો મળે માટે પ્રાર્થના કરશો.

*પ્રાર્થના કરશો :-*

૧. જે વ્યસનમાં છે.
૨. યુવાનો / યુવતીઓ નોકરીની શોધમાં છે.
૩. જેમને સારા પાત્રની જરૂર છે.
૪. ગુજરાતની તમામ મંડળીઓ માટે
૫. વડાપ્રધાન - તેમની કેબિનેટ તથા તમામ રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓ, રાજ્યકર્તા અને સનદી અધિકારીઓ માટે.
૬. ગરીબીરેખા નીચે જીવતા ખ્રિસ્તી કુટુંબો માટે.
૭. વિધવા બહેનો, વિધુર, વૃદ્ધ તથા અનાથ બાળકો માટે.
૮. ધો. ૧૦ અને ૧૨ની બૉર્ડ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટે.



પ્રિય વાચક પ્રાર્થના મિત્રો,

સર્વસમર્થ પરમેશ્વરની કૃપાથી આપણા જીવનમાં એક નવું વર્ષ ઉમેરાયું છે. માટે પ્રભુનો આભાર માનતા પ્રભુ ઈસુના ગૌરવી પ્રેમાળ નામમાં આપ સર્વેને સિયોન પ્રેયર ફેલોશીપ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. નવું વર્ષ આપના જીવનમાં ન્યાયપણાના સૂર્ય ઉગાવે અને તેની પાંખોની છાયામાં આરોગ્ય પમાડે તેવી પ્રાર્થના.

**આજ્ઞાપાલન :**

આપણે પાછલા વર્ષથી ''આજ્ઞાપાલન'' વિશે શીખતા આવ્યા છીએ. મનુષ્યના જીવનની જે કડવી બાબત અનાજ્ઞા પાલનથી શરૂ થઈ એ આપણે જાણીએ છીએ. અને આજદિન સુધી એના માઠા ફળ મનુષ્ય ભોગવે છે. પ્રભુ દયાળુ અને કરુણાથી ભરપૂર, તે આપણને નાશમાં જતાં જોઈ શકતો નથી તેથી આપણે સારું પ્રાયશ્ચિતનું ઘેટું (ઈસુ ખ્રિસ્ત) આપવામાં આવ્યું કેમકે રક્ત વહેવડાવ્યા વિના (બલિદાન) પાપની માફી શક્ય નથી. આપણે ખ્રિસ્ત જયંતી ઉજવીને હવે બહુ થયું, એમ વિચાર્યું હોય તો હજી થોડું વધારે વિચારીએ.

શાસ્ત્રપાઠ : આમોસ ૫:૧૪-૧૫

આમોસ પ્રભુનો સેવક, પ્રબોધક દ્વારા પ્રભુના લોકોને કેટલીક આજ્ઞાઓ આપે છે.

| | | |
|---|---|---|
| આજ્ઞા : | (a) ભલું શોધો. | આમોસ ૫:૧૪ અ |
| | (b) ભૂંડું નહીં. | આમોસ ૫:૧૪ બ |
| | (c) ભૂંડાને ધિક્કારો. | આમોસ ૫:૧૫ અ |
| | (d) ભલાને ચાહો. | આમોસ ૫:૧૫ બ |
| | (e) ભાગળમાં ન્યાયને સ્થાપિત કરો. | આમોસ ૫:૧૫ ક |

આજ્ઞાપાલનના સંદર્ભમાં પરિણામ પણ બતાવે છે.

| | | |
|---|---|---|
| પરિણામ : | (a) એથી તમે જીવતા રહેશો. | આમોસ ૫:૧૪ ક |
| | (b) સૈન્યોનો દેવ યહોવા સાથે રહેશે. | આમોસ ૫:૧૪ ડ |
| | (c) યહોવા યુસફના બાકી રહેલાઓ ઉપર કૃપા રાખે. | આમોસ ૫:૧૫ ડ |

ઉપરનો શાસ્ત્રપાઠ ખૂબ શાંત મને વિચારતાં આજ્ઞાઓ અઘરી લાગતી નથી. પ્રભુના પસંદ કરેલા, અને ભટકી ગયેલા બાળકોને સમજાવવા માટે

આપેલ છે. શું આપણને પ્રભુએ પસંદ કર્યા નથી ? જો આપણે આજ્ઞાપાલનમાં ચુસ્ત રહીએ તો આપણે જીવતા રહીએ.

**જીવતા રહેવું એટલે શું ?**

જે દિવસે માણસે આજ્ઞા તોડી ત્યારે જ માણસનો આત્મા મૃતપ્રાયઃ થયો. આપણે શારીરિક રીતે જીવંત છીએ પણ આપણો આત્મા મરેલો છે. જ્યારે આપણે પ્રભુ પાસે પાછા ફરીએ છીએ ત્યારે આપણો આત્મા સજીવન થાય છે. (ઉત્પત્તિ ૨:૧૭, યોહાન ૩:૧૬, ઝખાર્યા ૯:૯, ૧૧:૧૦) તપાસો.

મિત્રો, આજ્ઞાપાલન કરવાથી પ્રભુ હંમેશા આપણી સાથે રહે છે. તે આપણને યોગ્ય માર્ગમાં ચાલવાની સમજણ આપે છે. (ગીતશાસ્ત્ર ૩૨:૮) પ્રભુ કદી વચન આપીને ફરી જતો નથી. મિત્રો, આપણો વિશ્વાસ કેવો અને કેટલો છે તે આજ્ઞાપાલનથી પરખાય છે. જ્યારે પૂર્ણ આધીનતાથી તેની આજ્ઞાઓનું પાલન કરીએ છીએ ત્યારે (તપાસો પુન. ૨૫:૧-૧૪, માલાખી ૩:૧૦ બ, ૪:૨) પ્રભુ આપણને તેના સર્વ સ્વર્ગીય આશીર્વાદોથી વેષ્ટિત કરે છે. અને તેના વચન પ્રમાણે પૃથ્વી પરના સર્વ આશીર્વાદો પણ ભરપૂરીથી આપે છે. (માત્થી ૬:૩૩)

આજે આપણે નક્કી કરીએ, આપણે શું શોધવું છે ? ભલું કે ભૂંડું ? (પુન. ૩૦:૧૫-૧૬) શું ઈચ્છીએ ? જીવન કે મરણ. પ્રભુ આપણી સાથે રહે ? આવો, આપણે પ્રભુના સેવક દ્વારા આપેલ વચનો આપણા જીવનમાં ઉતારીએ અને યોગ્ય પસંદગી કરી પ્રાર્થના સહિત નવા વર્ષને આવકારી સુખી સમૃદ્ધિ અને પ્રભુને પસંદ પડે તેવું જીવન જીવીએ.

આપણો સંકલ્પ યાદ રાખીએ.

**“હું સર્વદા પ્રાર્થના કરીશ, અને કાયર થઈશ નહીં.”**

(લુક ૧૮:૧ પ્રમાણે)

***Let each one pray and lead one in prayer.***

ખ્રિસ્તમાં સાથી સેવકો

**સિયોન પ્રેયર ફેલોશીપ**

**૧૧ નવેમ્બર, ૨૦૧૨ના રોજ વડોદરા મુકામે યોજાનાર આભારસ્તુતિ મિટીંગ, સ્થળ, ફિઝીકલ એરેન્જમેન્ટ માટે ખાસ પ્રાર્થના કરશો.**



## સાક્ષી

“મારા દુખમાં મેં યહોવાહને પોકાર કર્યો અને તેણે મારું સાંભળ્યું.”

ગી.શા. ૧૨૦:૧

ખ્રિસ્તમાં ઘણાં જ વ્હાલાઓ, સિયોન પ્રેયર ફેલોશીપના મારા મિત્રો અને પ્રેયર પાર્ટનરો, પ્રથમ તો પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં સર્વને પ્રેમી સલામ. પ્રભુએ ભયંકર અકસ્માતમાંથી મારો અદ્‌ભુત બચાવ કર્યો. કેવળ તમારા સૌની પ્રાર્થનાઓ અને વિશ્વાસ વડે જ હું આ સાક્ષી આપની સમક્ષતામાં આપું છું.

૭ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ રીક્ષા સાથે મારો ભયંકર અકસ્માત થયો. હું બાઈક ઉપર હતો. સામેથી રીક્ષા આવતી હતી. રીક્ષાવાળાએ યુ-ટર્ન લેતા હું તેની સાથે અથડાઈ ગયો. હું બેભાન થઈ રોડ પર પડી ગયો. ક્રિશ્ચિયન સોસાયટી, બહેરામપુરા પાસે અકસ્માત થવાથી ખ્રિસ્તી જુવાનો દોડી આવ્યા અને મને વી. એસ. હૉસ્પિટલમાં ૧૦૮ ગાડી મારફતે લઈ ગયા. ત્યાં મને માથામાં પાંચ ટાંકા આવ્યા. ડાબી બાજુની હાંસડી તૂટી ગઈ અને ડાબા પગના બૉલનું સોકેટ તૂટી ગયું. આવી પરિસ્થિતિમાં ઘણાં લોકો વી. એસ. હૉસ્પિટલમાં દોડી આવ્યા. અકસ્માતનાં સમાચાર દાનીયેલભાઈ સેવકની સંગતમાં મળતાં જ તેઓએ તરત જ પુષ્કળ પ્રાર્થનાઓ કરી. ઘરેઘરે પ્રાર્થનાઓ થઈ. સિયોન પ્રેયર ફેલોશીપ સાથે સંકળાયેલા મિત્રોએ પણ પુષ્કળ પ્રાર્થનાઓ કરી. ચર્ચ પાસ્ટરો, આગેવાનો અને મિત્રોએ વિશ્વાસથી પ્રાર્થનાઓ કરી. મારું ઑપરેશન કરવામાં આવ્યું. ડૉક્ટરના કહેવા પ્રમાણે ૧ વર્ષ સુધી હું ચાલી શકીશ નહીં. પરંતુ ઈશ્વરની દયા તો જુઓ ! પ્રાર્થનાઓ ચાલુ રહી. લોકોએ હિંમત અને સામર્થ્ય મળે તે માટે વિશ્વાસથી પ્રભુને વિનંતી કરી. મને નવું જીવન મળ્યું. બબ્બે મોટા સળિયા પગમાં હોવા છતાં ફક્ત છ મહિનાના ગાળામાં હું ચાલતો થઈ ગયો. હાલેલૂયાહ.

ઈશ્વરપિતાનો અને આપ સૌનો પુષ્કળ આભાર માનું છું. આપ સૌએ મારા માટે પુષ્કળ પ્રાર્થનાઓ કરી. મારો વિશ્વાસ પ્રભુમાં દઢ અને મજબૂત થયો અને આ જ રીતે પ્રભુ મારી સાથે છે તેનો અહેસાસ મને થયો. મને હજુ પણ તમારી પ્રાર્થનાઓમાં ધરી રાખશો.

એ જ આપનો પ્રાર્થનામિત્ર,

**ઈવાન્સ જી. ક્રિશ્ચિયન**